# નારદીપુર ખાતે વિકાસ કાર્યોનું લોકાર્પણ

## સરકારની યોજનાઓના લાભથી ગામનો કોઇપણ હકદાર લાભાર્થી બાકી ન રહે તેવું આયોજન કરવા નારદીપુર ગ્રામજનોને હાકલ કરતા કેન્દ્રીય મંત્રીશ્રી : સરકાર એકલી કશું જ ના કરી શકે, લોકો સરકાર સાથે જોડાય તો કશું બાકી ન રહે : અમિત શાહ










ગાંધીનગર,ત.૧૮

આપણા ગામનો વિકાસ એ આપણી જવાબદારી છે, સાંસદ સભ્ય કે ધારાસભ્ય માત્ર મદદ કરી શકે છે. નારદીપુર ગામનો વિકાસ કરવા વડીલોના માર્ગદર્શન હેઠળ એક યુવાનોની ટીમ બને. સરકારની યોજનાઓના લાભથી ગામનો કોઈપણ હકદાર લાભાર્થી બાકી ન રહે તેવું આયોજન કરવા નારદીપુર ગ્રામજનોને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું.

નારદીપુર ગામના નવનિર્મિત શ્રી હનુમાન તળાવ ઉધાનનું લોકાર્પણ કરીને કેન્દ્રીય મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતુ કે, નારદીપુર ગામમાં રૂ. ૪ કરોડથી વધુના ખર્ચે અને વાસણ ગામમાં રૂ. ૧ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા તળાવને સાચવાની જવાબદારી હવે, ગામના નવયુવાનોની છે. આ જાળવણી એવી રીતે કરવી જોઈએ કે આગામી ૨૫ થી ૩૦ વર્ષ સુધી કોઈ સાંસદને આ તળાવ નવું બનાવવાની ચિંતા કરવાની જરૂર ન પડે. ગામના વિકાસ કાર્યોમાં અને યોજનાકીય લાભો ગામના લોકોને અપાવા માટે નવ જુવાનિયાઓને અઠવાડિયામાં માત્ર બે કલાક ફાળવવાની જરૂર છે. ગામના નાગરિકોને સરકારી યોજનાકીય લાભ અપાવાનું કામ આંગણી ચિંધાના પૂણ્ય જેવું કાર્ય છે. આ કામમાં મારી કે ધારાસભ્યની જરૂર પડે તો ભેગા થઇ ટહુકો કરજો, તે કામ પતાવવાની જવાબદારી મારી રહેશે. આ ગામમાં રાજયની સૌથી પહેલી પી.ટી.સી. કોલેજ બની છે, તેવું કહી કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગામની લાયબ્રેરીને અધતન બનાવો, કોમ્યુટરની સુવિધા ઉભી કરો અને સાથે ગામના ગરીબ પરિવારના બાળકો ત્યાં બેસી નિરાંતે વાંચી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવા ગામના યુવાનોને હાંકલ કરી હતી. આગામી ત્રણ માસ સુધી ગામમાં અઠવાડિયામાં એક વખત વિવિધ યોજના સંબંધિત કચેરીના અધિકારીઓ ગામમાં આવશે. પરંતુ તેમને સાચા લાભાર્થીઓ સાથેની મુલાકાત કરી આપવાની જવાબદારીગામના જુવાનિયાઓને ઉઠાવવા આગ્રહ કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેટકર શ્રી પ્રવિણા ડી.કે. એ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોરે પ્રરેણાદાયી ઉદ્દબોધન કર્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે નારદીપુર ગામના શ્રી હનુમાન તળાવ ઉધાનના નવીનીકરણ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વાસણ ગામના તળાવનું ઈ લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ નારદીપુર ગામના તળાવનું લોકાર્પણ કરીને શ્રી હનુમાનજી તળાવ ઉધાનની મુલાકાત લીધી હતી. વાસણ ગામના તળાવનું બ્યુટિફિકેશનનું કામ રૂપિયા ૧ કરોડ ૮૦ લાખના ખર્ચે કરવામાં આવ્યું છે.

આ કામથી વાસણ ગામના તળાવનું ક્ષેત્રફળ હાલમાં ૧૩,૨૯૭ ચો.મીટર છે. જે વધીને હવે, ૧૭,૧૯૨ ચો.મીટર થઇ ગયું છે. નારદીપુર ગામ ખાતે રૂપિયા ૪ કરોડ ૩૩ લાખથી વધુના ખર્ચે ૭૨ હેકટર ક્ષેત્રફળમાં ફેલાયેલાં તળાવનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં આજના દિવસમાં રુપિયા ૮ કરોડ ૩૦ લાખથી વધુના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહર્ત કરવામાં આવ્યું છે. જેમાં રૂપિયા ૭ કરોડથી વધુના ૪૯ કામોનું કેન્દ્રીય મંત્રીશ્રી શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રુપિયા ૧ કરોડ ૨૩ લાખના ખર્ચે તૈયાર થનાર જનસુખાકારીના ૩ વિકાસ કામોનું ખાતમુહર્ત પણ કરાયું હતું.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બધી સીઝન એક સાથે છે... એટલે આમંત્રિત સ્નેહી આ રીતે આવ્યો છે...!!

# અડાલજ રહેતા વૃધ્ધને રૂ.૨ ટ્રાન્સફર કરવા મોંઘા પડ્યા : ઠગે રૂ.૧.૧૨ લાખનું ફુલેકુ ફેરવ્યું

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર અડાલજ સંતોષા નીમલેન્ડ સોસાયટીમાં રહેતા ખાનગી કંપનીના નિવૃત વાઈસ પ્રેસીડેન્ટને શુઝ ડીલીવરીના ચાર્જ પેટે લેવાયેલા રૂ.૨ મોંઘા પડ્યા છે. શીપ રોકેટ કુરીયર કંપનીની લીંક થકી માત્ર રૂ.૨ ટ્રાન્સફર કરાવી ભેજાબાજ મહાઠગે રૂ.૧.૧૨ લાખનું ફુલેકુ ફેરવી ગયો છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ સંતોષા નીમલેન્ડ સોસાયટી માં રહેતા ૬૧ વર્ષિય દિલિપભાઈ ખત્રી હરીયાણાની ખાનગી કંપનીમાં વાઈસ પ્રેસીડેન્ટ તરીકે ફરજ બજાવતા હતા.

ગત તા.૨૦ ફેબ્રુઆરીના રોજ તેઓએ મોટેરા ૪ ડી સ્કેર મોલ માં આવેલા બાટા ના શો-રૂમમાંથી બુટની ખરીદી કરી હતી. પરંતુ ૧૧ નંબરના બુટ સ્ટોકમાં ન હોવાથી ઘરે કુરીયરમાં મોકલી આપવાનું કહ્યું હતું. ત્યારબાદ બે દિવસ પછી કુડાસણ સ્થિત શીપરોકેટ કુરીયર બ્રાન્ચમાંથી એક કુરીયર બોય તેમના ઘરે જઈને કહ્યું હતુ કે તમારા બુટ મારાથી મીસ પ્લેસ થઈ ગયા છે.

એક બે દિવસમાં શોધીને આપી જઈશ. આ અંગે દિલિપભાઈએ કુરીયર બોયને ઠપકો આપ્યો હતો. ત્યારે તે કસ્ટમર કેરમાં ફરીયાદ કરવાનું કહીને જતો રહ્યો હતો. દિલિપભાઈએ તેમના ફોનમાંથી શીપ રોકેટ કુરીયરનો નંબર સર્ચ કરી મેળવી કુરીયર બોય અંગે વાત કરી હતી.

જેથી તેઓએ પણ એક બે દિવસમાં બુટ આવી જશે કહીને સામાવાળા શખ્સે રી શિડયુલ ચાર્જના રૂ.૨ આપવાનું કહી વોટસએપ ઉપર ક્યુઆરકોડ લીંક સાથે મોકલી આપ્યો હતો. ક્યુઆર કોડ પર કલીક કરતા જ ગુગલ પે ની લીંક ઓપન થઈ હતી. જેમાં દિલિપભાઈએ પીન નંબર નાંખતા જ રૂ.૨ રૂપીયા કપાઈ ગયા હતા.બાદમાં તેઓએ મોબાઈલ ચેક કરતા તેમાં ઓટોમેટીક કસ્ટમર સપોર્ટ એપ્લીકેશન ડાઉનલોડ થઈ ગઈ હતી. જયારે બીજા દિવસે એક પછી એક તેમના એકાઉન્ટમાંથી રૂ.૧,૧૨,૫૦૦ ડીબેટ થઈ ગયાના મેસેજ મળ્યા હતા. આ મુદે સાયબર ક્રાઈમે છેતરપિંડીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● આજે ગાંધીનગર-કલોલમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. ભારે પવન સાથે આ વરસાદ શરૂ થયો હતો.

● ગાંધીનગરના નારદીપુર ખાતે આજે કેન્દ્રીય ગૃહમંત્રીએ હનુમંત તળાવ અને નક્ષત્રવનનો ગોલ્ફકારમાં રાઉન્ડ લીધો હતો.

● નારદીપુર ખાતેના કાર્યક્રમમાં જિલ્લાના પાંચેય ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે સાંજે ચડેલી આંધીથી વાહન-ચાલકો અટવાયા હતા.

● રાંધેજા વિદ્યાપીઠ ખાતે નાગરિક બેંકની કસ્ટોડિયન કમિટિના મેમ્બર રસિકભાઈ પટેલના નેતૃત્વમાં ભાજપના કાર્યકરોએ કેન્દ્રીય ગૃહમંત્રીનું સ્વાગત કર્યુ હતુ.

● ગાંધીનગરના વિરાતલાવડી ગામે નિર્માણ કરાયેલ પ્રવેશદ્વારનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

● ગાંધીનગરના સોનારડા ગામે આધેડ પર બે શખ્સોએ હુમલો કર્યાની ઘટના નોંધાઈ છે.

● છત્રાલમાં રહેણાંકના મકાનમાંથી પોલીસે દારૂનો જથ્થો પકડ્યો છે.

● આજોલ સ્થિત ફિનોલેક્ષ કંપનીનો કેબલ વાયર ચોરાયાની ફરિયાદ નોંધાઈ છે.

● સે. ૧૩માં છાપરા સામે વરલી મટકાના આંક ફરકનો જુગાર રમાડતો ઈસમ પોલીસે ઝડપી લીધો છે.

● રખિયાલના ખાનપુર ગામે જુગારની બાજી માંડી બેઠેલા ૯ શકુનીઓને પોલીસે ઝડપી લીધા છે.

● સંસ્કૃતિકુંજ ખાતે જિલ્લા કાનૂની શિક્ષણ અંગે માર્ગદર્શક કેન્દ્રની સુવિધા ઉભી કરાઈ છે.

● ચિલોડામાં નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા દબાણની નોટીસે ફટકારવામાં આવતાં વેપારીઓમાં ચિંતાનું મોજુ પ્રસરી ગયુ છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાણીની માંગ ઉઠવા પામી છે.

● ગાંધીનગર મનપાને સ્ટ્રીટલાઈટ, ગટર ઉભરાવવાની તેમજ યોગ્ય પૂરાણ નહિ થયાની ફરિયાદો વધુ મળી રહી છે.

● ગાંધીનગર શહેરમાં આજે સાંજે થયેલા વરસાદને પગલે પાણી ભરાઈ જવા પણ પામ્યા હતા.

● ગાંધીનગરમાં જુના સચિવાલય સહિત કેટલાક વિસ્તારમાં કરા સાથે વરસાદ પડ્યો હતો.

● શહેરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે.

# પીડીપીયુ હોસ્ટેલમાંથી એક જ વિદ્યાર્થીનું બે વાર પર્સ ચોરાયું

ગાંધીનગર, તા.૧૮

પીડીપીયુની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીના પર્સમાંથી રોકડા રૂ.૧૧ હજારની ચોરી થઈ છે. હોસ્ટેલના રૂમના કબાટમાં મુકેલા પર્સમાંથી રૂપીયાની બે વખત ચોરી થતા હોસ્ટેલ મેનેજમેન્ટને જાણ કરવામાં આવી હતી. તેમ છતા કોઈ પગલા ભરવામાં ન આવતા વિદ્યાર્થીએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાયસણ સ્થિત પીડીપીયુ કોલેજની બોયઝ હોસ્ટેલમાં રહેતો જય રસિકલાલ જોશી પેટ્રોલીયમ એન્જીનિયરીંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. તેની સાથે રૂમમાં પનગ અગ્રવાલ પણ રહે છે. ગત તા.૨૩-૯-૨૨ થી હોસ્ટેલમાં રૂમ નં.કે-૧૦૯ ફાળવવામાં આવી છે.જયારે આ રૂમના કબાટનું લોક કામ કરતુ ન હતું.જે અંગે વિદ્યાર્થીએ વોર્ડનને અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હતી. ત્યારે ગત તા.૩૧ ડિસેમ્બરના રોજ લોક અને કબાટ રીપેરીંગ કરવા માટે રજુઆત કરવા છતા આ સમસ્યાનું સમાધાન થયુ ન હતું. ગતતા.૮-૧-૨૩ ના રોજ આઠ વાગે સવારે જય કોલેજ ગયો હતો. તે સમયે કબાટમાં રોકડ રૂ.૪ હજાર, આધારકાર્ડ, સહિત જરુરી કાર્ડ અને કાગળો મુકીને ગયો હતો. ત્યારબાદ રાત્રીના દશ વાગે હોસ્ટેલના રૂમમાં ગયો હતો. ત્યારે કબાટ ખોલીને જોયુ તો પર્સ મળી આવ્યું ન હતું.જે અંગે સાથે રહેતા વિદ્યાર્થી તેમજ આસપાસના રૂમમાં રહેતા વિદ્યાર્થીઓને પુછપરછ કરી હતી. પરંતુ પાકીટ અંગે કોઈ જાણકારી મળી ન હતી. જેથી વિદ્યાર્થીએ લાગતા વળગતા મેનેજમેન્ટને ઈમેલ દ્વારા પર્સની ચોરી થયાની જાણ કરી હતી. પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. જેથી તા.૧૫ માર્ચના રોજ વિદ્યાર્થીના ફરીવાર રૂ.૭ હજાર ચોરી થયા હતા. જેથી વિદ્યાર્થીએ ફરીવાર મેનેજમેન્ટને જાણ કરી હતી. વિદ્યાર્થીના બે વાર પર્સ ચોરી થતા તેના પિતાજી કોલેજ ખાતે દોડી આવ્યા હતા અને સિક્યુરીટી, વોર્ડન, મેનેજન્મેન્ટ સહિતના જવાબદાર અધિકારી-કર્મચારીઓ સાથે પાકીટ ચોરી થવા અંગે વાત કરી હતી.પરંતુ તમામ તરફથી યોગ્ય જવાબ ન મળતા વિદ્યાર્થીએ ઈન્ફોસોટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# ગાંધીનગરમાંથી છેલ્લા બે વર્ષમાં વિદેશી દારૂની ૩,૧૮,૧૭૯ બોટલ ઝડપાઈ

## જયારે છેલ્લા બે વર્ષમાં ૭૨કિલોથી વધુ ગાંજો પકડાયો છે

ગાંધીનગર, તા.૧૮

રાજયમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેવુ લાગી રહ્યું છે. ગુજરાતને અડીને આવેલા અન્ય રાજયોમાંથી ઢગલાબંધ દારૂ ગુજરાતમાં ઠલવાય છે. રાજયમાં બુટલેગરો બેફામ બનતા દારૂની રેલમછેલ છે. ત્યારે ગઈકાલે શુક્રવારના રોજ ગુજરાત વિધાનસભ્ભામાં કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોર દ્વારા સવાલ પુછવામાં આવ્યો હતો કે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કેટલો વિદેશી દારૂ,બિયર, અને નશીલા પદાર્થો પકડાયા છે. જેમાં સામે આવ્યું હતુ કે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૧ માં ૧,૦૬,૪૭૪ વિદેશી દારૂની બોટલ કિં.૨,૯૬,૬૫,૫૯૬, જયારે દેશી દારૂ લીટરમાં ૨૯૬૯૨ તેમજ તેની કિં.૫,૯૩,૪૪૦ અને બિયરની બોટલ નંગ-૬૯૧ કિં.૮૫૦૯૩ નો જથ્થો પકડી પાડ્યો છે. જયારે વર્ષ ૨૦૨૨ માં વિદેશી દારૂની બોટલ ૨,૧૧,૭૦૫ તેની કિં. ૪,૬૮,૬૯,૮૩૯, જયારે ૩૦૮૧૦ લીટર દેશી દારૂ ની કિં.૬,૧૬,૨૦૦ જયારે રૂ.૨.૪૫,૧૪૦ ની કિંમતની ૨૦૯૮ બિયરની બોટલ તંત્ર દ્વારા ઝડપી પાડવામાં આવી છે. જયારે વર્ષ ૨૦૨૧માં ૧,૯૮,૭૭૦ લાખની કિંમતનો ૬૪.૬૭૨ કિલો ગ્રામ ગાંજો અને વર્ષ ૨૦૨૨ માં ૯૧૨૫૦ ની કિંમતનો ૭,૯૮૬ કિલોગ્રામ ગાંજાનો જથ્થો પકડી પાડ્યો હતો. ત્યારે રાજયમાં છેલ્લા બે વર્ષમાં રૂ.૭.૬૫ કરોડ રૂપીયાનો વિદેશી દારૂ અને રૂ. ૨.૮૯ લાખ રૂપીયાનો ગાંજો ઝડપી પાડ્યો છે.



છોટી સી આશા સંસ્થા દ્વારા જરૂરીયાતમંદોને છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રિલાયન્સ ચોકડી ખાતે છાશનું નિઃશુલ્ક વિતરણ કરાતા રાહદારીઓએ પણ તેનો લાભ લીધો હતો.

## સંસ્કાર ગ્રુપ દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

સંસ્કાર ગ્રુપ દ્વારા ૨૦ માર્ચે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે જ્ઞાન સાથે રમત-ગમત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે સે. ૭ ના બગીચામાં સવારે ૯.૧૫ થી ૧૦.૧૫ કલાકે યોજાશે.

# ડભોડામાં રાજ્ય મહિલા આયોગ અને ICDSના સંયુક્ત ઉપક્રમે નારી સંમેલન

## ઘરેલુ હિંસા, છેડતી, કામકાજના સ્થળે જાતીય સતામણી જેવી સમસ્યાના નિરાકરણ અંગે માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા.૧૮

ડભોડા ગામ ખાતે ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ICDS તાલુકા પંચાયત ના સંયુક્ત ઉપક્રમે નારી સંમેલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર જિલ્લાના આઈસીડીએસ અધિકારી ભાવના બેન મુખ્ય સેવિકા, મહિલા અને બાળવિકાસ જેન્ડર રિસોર્સના અધિકારી શૈલેન્દ્રા મેડમ, તાલુકા પંચાયત પ્રમુખ ગોપાલજી ઠાકોર, ગાંધીનગર જિલ્લાના સીડીપીઓ પ્રીતિબેન પટેલ, મહિલાને લગતા કાય દાકીય જાણકાર અશોક ભાઈ વકીલ, સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક માધુરી બેન રાવળ, પી બી એસ સી કલોલ, કાઉન્સેલર નેહાબેન સાધુ, ૧૮૧ અભયમ



મહિલા હેલ્પ લાઈનની ટીમ હાજર રહી હતી. આ સંમેલનમાં સૌ કર્મચા રીઓએ પોતાની કામગીરીની વિસ્તૃત જાણકારી આપી હતી. નારી સંમેલનમાં પધારેલ બહેન દીકરીઓ તેમના જીવનમાં ઉપયોગી બને તેવી કાયદાકીય સમજ તેમજ યોજનાની માહિતી આપી માહિતગાર કર્યાહતા. ઘરેલુહિંસા, છેડતી, કામકાજના સ્થળે જાતીય સતામણી, લગ્ન બહારના સંબંધો જેવી સમસ્યા ઓનું નિરાકરણ લાવવા માટે ૧૮૧ અભયમની ટીમ દ્વારા વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવી હતી. તેમજ ૧૮૧ એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાંઆવી હતી.

## વિરાતલાવડી ગામના મુખ્ય અધતન પ્રવેશદ્વારનું લોકાર્પણ

ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના મારૂ ગામ રંગીલુ તરીકે જાણીતુ એકમાત્ર વિરાતલાવડી ગામ વિકસિત અને આકર્ષક કેન્દ્ર સમા સૌનું વહાલું ગામના મુખ્ય અધતન શોભાયમાન પ્રવેશદ્વારનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરના વરદહસ્તે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગામના સરપંચ શ્રીમતી કૈલાસબેન ચંદ્રેશભાઈ પરમાર તથા ડેપ્યુટી સરપંચ વિષ્ણુજી ઠાકોર, ગામ પંચાયતના સર્વ સદસ્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગુજરાતના લોકગાયક જીગ્નેશ કવિરાજ, વિશાલે લોકડાયરાની મોજમજા કરાવી હતી.

# ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન વર્કશોપ નું આયોજન



ચિલોડા, તા. ૧૮

ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ દ્વારા વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ઓફ સ્કાઉટ મુવમેન્ટના એશિયા-પેસિફિક રીજીયન અને વર્લ્ડ એસોસિએશન ઓફ ગર્લ ગાઈડ એન્ડ ગર્લ સ્કાઉટના સહયોગથી ૧૧ થી ૧૫ માર્ચ ૨૦૨૩ દરમિયાન રાષ્ટ્રીય વ્યૂહાત્મક આયોજન વર્કશોપનું આયોજન સ્કાઉટ્સ એન્ડ ગાઈડસ્ નેશનલ હેડક્વાર્ટર, નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય વતી મ્જીર સ્ટેટ કમિશનર સ્કાઉટ શ્રી હસમુખભાઈ મોદી, સ્ટેટ ઓર્ગેનાઈઝર કમિશનર ગાઈડ શ્રીમતી એકતા સિંઘ અને સ્ટેટ ટ્રેનિંગ કમિશનર શ્રી માનસિંહજી ચૌધરીએ ભાગ લીધો હતો.